
# જન્મદિને વધામણી



ધૈર્ય નિકેશ બ્રહ્મભટ્ટ
મો. ૯૯૧૩૦ ૯૮૬૨૦



સિધ્ધાર્થ રાજેન્દ્ર વાળા
મો. ૯૯૦૯૯ ૯૫૪૨૨



વિવેક મહેશકુમાર પરમાર



વિનય મહેશકુમાર પરમાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા તિલક હોળીની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા. ૬

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના એનએસએસના યુનિટના સ્વયંસેવકોએ હોળી-ધૂળેટીની ઉજવણી અનોખી રીતે બાસણ ગામમાં કરી. બાસણ ગામમાં પાણી બચાવવા અને પાણીનું મહત્ત્વ સમજાવવા અનોખી પહેલ કરવામાં આવી. ગામમાં ઘરે ઘરે જઈને તેનું મહ્ત્ત્વ સમજાવ્યું અને પાણીનું મહત્ત્વ અને પાણી બચાવવા અંગેના સાંસ્કૃતિક પ્રોગ્રામ દ્વારા રજૂઆત કરવામાં આવી. તેના ફળ સ્વરૂપે ગામમાં આ તહેવારમાં તિલક હોળી દ્વારા ઉજવણી થઈ અને તેના દ્વારા પાણીનો બચાવ થયો. ઘરે ઘરે પાણીનાં નળ ટપકે નહીં, વ્યર્થ પાણી ન જાય તેવા સામુહિક પ્રયત્નો કરવામાં આવ્યા. ગામના આગેવાનો અભિસિંહ વાઘેલા, અમીતભાઈ દેસાઈ, પી એન ઠાકોર, બળવંતજી ઠાકોર, પ્રકાશભાઈ દેસાઈ, કાળાજી ગાંડાજી ઠાકોર, પ્રિન્સિપાલ સુનિલભાઈ પટેલ આ કાર્યને સફળ બનાવવા શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એનએસએસના પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવ્યું હતું. એનએસએસ સ્વયં-સેવક કુલદિપ રથવી, ભવદિપ વાળા, ભરત ચાવડા, ગૌરાંગ ચાવડા, હરદિપસિંહ, મિમ સણોલ, વિરલ ચાવડા, અસ્મિતા મેણીયા, ગુલાબ જોગરાજીયા, જલ્પા રથવી, નિરાલી પટેલ, યુક્તિ પટેલ દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી.

## ડિવાઈન જૂનિયર પ્રિસ્કૂલ દ્વારા હેલ્ધી બેબી સ્પર્ધા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેક્ટર-૬ સીમાં આવેલ ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં પાંચ વર્ષથી નાનાં બાળકો માટે હેલ્ધી બેબી સ્પર્ધાનું આયોજન ૧૧ માર્ચ ને રવિવારના રોજ કરવામાં આવ્યું છે. જેમાં લિટલ પ્રિન્સ, હેલ્ધી બેબી, સ્માઈલી બેબી, હેલ્ધી હેર બેબી જેવી કેટેગરી રાખવામાં આવી છે. આ સાથે ફ્રી હેલ્થ ચેક-અપ તથા સ્પર્ધકોને ગિફ્ટ પણ આપવામાં આવશે.

## ‘હેન્ડ બુક ફોર એડવોકેટ્સ’ પુસ્તક લોન્ચ કરાયું

ગાંધીનગર, તા. ૬

વકીલોને કાયદા ક્ષેત્રે ઉપયોગી નીવડે અને તેઓ કોર્ટ કેસોમાં સારી રીતે દલીલો કરી શકે એવા આશય સાથે હેન્ડ બુક ફોર એડવોકેટ્સ પુસ્તક તાજેતરમાં લોન્ચ કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં વિવિધ ઉપયોગી માહિતીઓ જેમ કે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ અને તેની જાણકારીઓ, કાયદાની અગત્યની જોગવાઈઓ વગેરે સામેલ છે. ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ આર.જે. ગોસ્વામી અને એડવોકેટ કરણસિંહ વાઘેલા દ્વારા આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તક જુનિયર વકીલો, લૉ સ્ટુડન્ટ્સ, પક્ષકારો ઉપરાંત સરકારી અધિકારીઓને પણ ગમી રહ્યું છે. કેમ કે સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે તેવી સરળ ગુજરાતી ભાષામાં કાયદાકીય જોગવાઈઓ અને તેના અર્થઘટનો પુસ્તકમાં મુકવામાં આવ્યા છે.

## રવિવારે લેવાયેલી ટેટની પરીક્ષામાં ૧૬ હજાર ઉમેદવારો ગેરહાજર

ગાંધીનગર, તા. ૬

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ધોરણ-૧થી ૫માં શિક્ષક બનવા માટે લેવાતી ટેટ-૧ની પરીક્ષા સમગ્ર રાજ્યમાં શાંતિપૂર્ણ રીતે લેવાઈ હતી. સમગ્ર રાજ્યમાંથી ૯૨ હજારથી વધુ ઉમેદવારો નોંધાયા હતા. જોકે, આ પરીક્ષામાં ૧૬૫૧૫ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. ટેટ-૧ની પરીક્ષા માત્ર રાજ્યના ચાર જ સેન્ટર પર લેવાઈ હોઈ અન્ય જિલ્લામાંથી આવતા ઉમેદવારોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. ઉપરાંત ટેટ-૧ની પરીક્ષા માટે દોઢ કલાકનો સમય આપવામાં આવતા તેમાં પણ વધારો કરવાની માંગણી કરી હતી. ટેટની પરીક્ષા લેવાય છે પરંતુ સરકાર દ્વારા ભરતી કરાતી ન હોઈ આ મુદ્દે પણ ઉમેદવારોમાં રોષ જોવા મળ્યો હતો..

રાજ્યના ચાર જ સેન્ટર પર પરીક્ષાનું આયોજન કરાતા દૂરથી આવતા ઉમેદવારો હેરાન

રાજ્યની ધો.૧થી ૫ની સ્કૂલોમાં શિક્ષક બનવા માટે રવિવારે ટેટ-૧ની પરીક્ષા લેવાઈ હતી. બપોરે ૩-૩૦થી ૫ વાગ્યા સુધી લેવાયેલી આ પરીક્ષામાં અમદાવાદમાંથી અંદાજે ૩૨ હજારથી વધારો ઉમેદવારો નોંધાયા હતા. જેમાં ગુજરાતીમાં ૩૨,૨૦૦, અંગ્રેજીમાં ૨૪૮ અને હિન્દીમાં ૨૮૪ મળીને કુલ ૩૨,૭૩૨ ઉમેદવારો પરીક્ષા માટે નોંધાયા હતા. રાજકોટમાં ગુજરાતીમાં ૧૮,૨૫૧, અંગ્રેજીમાં ૯૮ અને હિન્દીમાં ૨૭ મળીને કુલ ૧૮,૩૭૬ ઉમેદવારો નોંધાયા હતા. જ્યારે સુરતમાં ગુજરાતીમાં ૧૫,૮૯૨, અંગ્રેજીમાં ૩૪૩, હિન્દીમાં ૧૨૮ મળીને કુલ ૧૬,૩૬૩ ઉમેદવારો નોંધાયા હતા. વડોદરામાં ગુજરાતીમાં ૨૪,૬૯૦, અંગ્રેજીમાં ૧૫૩, હિન્દીમાં ૪૫ મળીને કુલ ૨૪,૮૮૮ ઉમેદવારો પરીક્ષા માટે નોંધાયા હતા. આમ, કુલ ૯૨,૩૫૯ ઉમેદવારો આ ટેટની પરીક્ષા માટે નોંધાયા હતા. .

# ગાંધીનગરના વિદ્યાર્થીઓની ડિઝાઈન્સ ન્યૂયોર્કમાં રેમ્પ પર શૉ થઈ





ગાંધીનગર, તા. ૬

આઈએનઆઈએફડીના ફેશન ડિસાઈનના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવા માં આવેલી ડિઝાઈન ન્યુ યોર્કમાં આયોજિત કરેલ ન્યૂ યોર્ક ફેશન વીક માં શૉ કેસ થઈ હતી.. વાઈબ્રન્ટ ઈન્ડિયાની થીમ પર થયેલ આ શૉમાં કુલ ૬૦ અલગ અલગ ડિસાઈનર્સ ડ્રેસ રેમ્પ પર ઉતરી હતી. સેંટર ડિરેક્ટર વિશાલ મકવાણાએ જણાવ્યું કે દેશના તમામ સેન્ટર્સમાંથી ગાંધીનગરના વિદ્યાર્થીઓની ડિસાઈન સિલેક્ટ કરવામાં આવી હતી સેલિબ્રિટી સ્ટાયલિસ્ટ James R Sandersની મેન્ટોરશીપ હેઠળ INIFD Gandhinagar ના પણ વિદ્યાર્થીઓ સામેલ હતા.

## સીબીએસસી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા સોમવારથી શરૂ થઈ છે. આ પરીક્ષા સમગ્ર દેશમાંથી ૨૮.૨૪ લાખ વિદ્યાર્થીઓ આપી રહ્યા છે. ધોરણ-૧૦માં પ્રથમ દિવસે ઈન્ફો ટેકનોલોજી, ઓટોમોબાઈલ ટેક સહિતના વિષયોની પરીક્ષા લેવાઈ હતી. જ્યારે ધોરણ-૧૨માં પ્રથમ દિવસે ઈંગ્લિશ ઈલેક્ટિવ અને ઈંગ્લિશ કોરની પરીક્ષા લેવાઈ હતી. ધોરણ-૧૦ની પરીક્ષા ૪ એપ્રિલ અને ધોરણ-૧૨ની પરીક્ષા ૧૩ એપ્રિલના રોજ પૂર્ણ થશે. લાંબા સમય બાદ આ વખતથી બોર્ડ દ્વારા ફરી ધોરણ-૧૦ની પરીક્ષા લેવાનું શરૂ કર્યું છે. સીબીએસસી બોર્ડની પરીક્ષા ૫ માર્ચથી શરૂ થઈછે. આ પરીક્ષામાં ધોરણ-૧૦ના સમગ્ર દેશમાંથી ૯.૬૭ લાખ વિદ્યાર્થીઓ અને ૬.૭૧ લાખ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૧૬.૩૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે ધોરણ-૧૨માં ૬.૯૦ લાખ વિદ્યાર્થીઓ અને ૪.૯૫ લાખ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૧૧.૮૬ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગુજરાતનો જેમાં સમાવેશ થાય છે તેવા અજમેર વિભાગમાં ધોરણ-૧૦ના ૧.૮૧ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે ધોરણ-૧૨માં ૧.૪૩ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધોરણ-૧૦ની પરીક્ષા માટે સમગ્ર દેશમાં ૪૪૫૩ સેન્ટર નક્કી કરવામાં આવ્યા છે અને ૧૭,૫૭૪ સ્કૂલોમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા લેવાનું આયોજન કરાયું છે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા માટે ૪૧૩૮ સેન્ટર નક્કી કરાયા છે અને ૧૧,૫૧૮ સ્કૂલોમાંથી પરીક્ષા લેવાનું આયોજન કરાયું છે. અજમેર વિભાગમાં ધોરણ-૧૦માં ૬૪૩ સેન્ટર અને ૨૨૭૫ સ્કૂલો નક્કી કરાઈ છે. જ્યારે ધોરણ-૧૨માં ૫૯૯ સેન્ટર અને ૧૬૮૦ સ્કૂલો નક્કી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. ધોરણ-૧૦ની પરીક્ષા અત્યાર સુધી બોર્ડ અને સ્કૂલ એમ બંને કક્ષાએ લેવાતી હતી. પરંતુ ચાલુ વર્ષથી ધોરણ-૧૦ની પરીક્ષા બોર્ડે લેવાનું નક્કી કરતા આ વખતે બોર્ડ દ્વારા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે પાસિંગ ક્રાઈટેરીયામાં ફેરફાર કર્યો છે. અગાઉ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓએ ઈન્ટરનલમાં ૩૩ ટકા અને બોર્ડની પરીક્ષામાં ૩૩ ટકા પાસ થવા માટે ફરજિયાત લાવવાના હતા. પરંતુ આ વખતે બંનેમાં ૩૩ ટકા લાવવા જરૂરી નથી. પરંતુ બંનેનું ટોટલ કરતા ૩૩ ટકા થાય તો તે પાસ ગણાશે તેમ જણાવાયું છે.

## કીડઝી પ્લે ગૃપનો વાર્ષિકોત્સવ ઉજવાયો




બેટી બચાવો, બેટી પઢાવો થીમ અંતર્ગત કીડઝી પ્લે ગૃપ, ચાંદખેડા દ્વારા તાજેતરમાં વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ચાંદખેડા પોલીસ સ્ટેશન પીએસઆઈ શ્રી કે આઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. પ્લે ગૃપના અધ્યક્ષ રીતિ અગ્રવાલે આ પ્રસંગે કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌનો આભાર પ્રગટ કર્યો હતો.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકામાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાની ૧૪ સ્કૂલ્સમાં હોળી નિમિત્તે પીચકારી, નવાં કપડાં, વગેરે વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. અણસોલ, ભવાનપુર, શામળપુર, છાત્રેશ્વરીમાં તમામને પીચકારી આપી હોળી રમ્યા હતા. ઈશ્વરપુર, શામળાજી, વેણપુરમાં પૅન્સિલ, સાબુ, બિસ્કીટ આપ્યા. જાભચિતરીયા, ઓઢપહાડીયામાં નવાં કપડાં તથા બૅટ-બૉલ આપ્યા હતા. એ પી ઠાકાર બોય્ઝમાં ૫૦ નંગ નવાં કપડાં આપ્યાં હતાં. હોળીના ઉત્સાહથી રંગાયેલા મિલિન્દભાઈ, ભીમજીભાઈ, મોન્ટુ તથા યોગેશભાઈ સંસ્થા વતી આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# બાળકોને પોતાનો આનંદ માણવાની, અભિવ્યક્ત કરવાની સ્વતંત્રતા આપીએ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

જેમ કે પેલી યુવતી પોતાનું સન્માન સ્વીકારવા માટે મંચ ઉપર આવતી હતી ત્યારે ઓડિટોરિયમમાં ઉપસ્થિત બસોએક શ્રોતાઓ તાળીઓના ગડગડાટ કરીને, ચિચિયારીઓ પાડીને એ યુવતીની સિધ્ધિને વધાવતા હતા અને એ જ યુવતી હતાશ થઈને જાણે પોતાને જે મળ્યું તેની કોઈ પ્રકારની ખુશી ના હોય એમ જ યંત્રવત પોતનું સન્માન સ્વીકારતી હતી. યુવતી પોતાની જ સિધ્ધી માટે તાળીઓનો ગડગડાટ કરતાં અને ચિચિયારીઓ પાડતા શ્રોતાઓના આણંદમાં ભાગીદાર ના થઈ શકી.

પહેલી ઘટનાની જેમ આપણે ઘણીવાર આપણી અપેક્ષાઓ આપણાં બાળકો ઉપર ઠોકી બેસાડતા હોઈએ છીએ. આપણી અપેક્ષાઓની સાથે સાથે આપણી લાગણીઓ જેવી કે આપણી વ્યથા, આપણી હતાશા, આપણી નિરાશાનો ભાર પણ જાણ્યે અજાણ્યે આપણાં બાળકો ઉપર નાખી દેતાં હોઈએ છીએ. જે ભાર આપણે વેંઢારી નથી શકતા એ ભાર આપણાં બાળકો કેવી રીતે વેંઢારી શકે ? બાળકોને આપણે ઘણા પ્રકારની, ઘણી બધી સ્વતંત્રતા આપતા હોઈએ છીએ. બાળકોને પોતાના રમકડાં પસંદ કરવાની સ્વતંત્રતા, પોતાને ગમતા કપડાં પહેરવાની સ્વતંત્રતા, પોતાને ગમતા પુસ્તકો ખરીદવાની અને વાંચવાની, પોતાની રીતે મોબાઈલ ખરદ્વની અને ઉપયોગ કરવાની સ્વતંત્રતા સ્વતંત્રતા આપીએ છીએ. બાળકોને પોતાની કારકિર્દી પસંદ કરવાની, પોતાની રીતે રખ્ખડપટ્ટી કરવાની, પોતાને ગમતી ફિલ્મો જોવાની, પોતાની પસંદગીના મિત્રો બનાવવાની અને તેઓની સાથે મજા માણવાની એવી ઘણીબધી સ્વતંત્રતા આપતા હોઈએ છીએ. આ પ્રકારની સ્વતંત્રતા જરૂરી પણ છે જેના થકી બાળકના સ્વતંત્ર વ્યક્તિત્વનું ઘડતર થાય છે અને વિકાસ થાય છે. બાળકોની ઘણીબધી સ્વતંત્રતા આપીએ છીએ એ સાચું પણ આપણે જાણ્યે-અજાણ્યે તેઓની કેટલીક સ્વતંત્રતા ઝૂંટવી કે છીનવી પણ લેતા હોઈએ છીએ. બીજા શબ્દોમાં આપણે તેઓની કેટલીક સ્વતંત્રાતા ઉપર અનુશાસન કે શિસ્તના નામે પ્રતિબંધ પણ મૂકી દઈએ છીએ.



રડવું, હસવું, રિસાવું, ચિડાવું, ગુસ્સો કરવો, આનંદ વ્યક્ત કરવો, એ બધી જ કુદરતી લાગણીઓ છે. બાળક કોઈ કારણસર રડે તો તેને “માયકાંગલાની જેમ રડાય નહીં,’’ એવું કહીને તેના રુદનને અટકાવી દઈએ છીએ. બાળક જ્યારે ગુસ્સો કરે છે ત્યારે તેના ગુસ્સાને આપણાં ગુસ્સા દ્વારા દબાવી દઈએ છે. બાળક જ્યારે મોટેમોટે હસે છે ત્યારે આપણી નારાજગીથી તેના હાસ્યને વિલીન કરી દઈએ છીએ. બાળક જ્યારે બૂમો પાડીને કે મોટેમોટેથી બોલે છે ત્યારે તેના અવાજને દબાવી દઈએ છીએ. બાળક જ્યારે સિસોટી વગાડીને કે મોટેથી ગીતો ગાઈને કે નચીને પોતાનો આનંદ વ્યક્ત કરે છે ત્યારે આપણાં ચહેરાને કરડાકી અને આપણી આંખનો ગુસ્સો રિબાવી રિબાવીને તેના આનંદની હત્યા કરી નાખે છે. આમ આપણે બાળકને આપણી લાગણીઓના વર્તુળમાં જ કેદ કરીને તેઓની સ્વતંત્રતા ઝૂટવી લઈએ છીએ.

બાળકોને કુદરતી લાગણીઓ વ્યક્ત કરવાની સ્વતંત્રતા છીનવી લઈએ છીએ તેનાથી બાળકોને માનસિક રીતે ઘણુબધું નુકશાન થાય છે. જ્યારે તેઓની ઉપર આપણી નકારાત્મક લાગણીઓ ઠોકી દઈને તેઓની હકારાત્મક લાગણીઓને કચડી નાખીએ છીએ ત્યારે તેઓની લાગણીઓ વ્યક્ત કરવાની ક્ષમતા ઉપર પણ ઘણી અવળી અસરો થાય છે. આપણી નકારાત્મક લાગણીઓ જોઈને તેઓ હકારાત્મક લાગણીઓની કુદરતી અભિવ્યક્તિ ખોઈ બેસે છે. કહો કે તેઓની કુદરતી રીતે લાગણી અભિવ્યક્ત કરવાની ક્ષમતા જ મારી પરવારે છે. આપણે આપણી નકારાત્મક લાગણીઓને આપણાં સુધી જ સીમિત રાખીને બાળકોના આનંદ અને ઉત્સાહને અભિવ્યક્ત કરવા માટે સ્વતંત્રતા ના આપી શકીએ?

આપણે વડીલો આપણી લાગણીઓ ઘણીવાર કૃત્રિમ રીતે વ્યક્ત કરીએ છીએ. બાળકો આપણી પાસેથી જ શીખે છે તેને કારણે તેઓ પણ લાગણીઓ વ્યક્ત કરવામાં કૃત્રિમ થઈ જાય છે. આ સિલસિલો જો લાંબો સમય ચાલે, આવું વારંવાર થયા કરે તો બાળકો પોતેજ કૃત્રિમ બની જાય છે, લાગણીઓનો ઢોંગ પણ કરવા લાગે છે. આવું થાય છે પછી બાળકોને પોતાની કુદરતી લાગણીઓ અભિવ્યક્ત કરવામાં ભારે મુશ્કેલી પડે છે.

પેલી અનેક પ્રકારની ભૌતિક સ્વતંત્રતા આપીએ છીએ ત્યારે આપણે ગૌરવથી માથું ઊંચું કરીને સમાજમાં ઢંઢેરા પીતી છીએ કે અમે અમારા બાળકોને સંપૂર્ણ સ્વતંત્રતા આપીએ છીએ પણ લાગણીની અભિવ્યક્તિની સ્વતંત્રતા છીનવી લઈએ છીએ તેની આપણને સુધ્ધાં ખબર નથી હોતી

બાળકોને તેઓની પોતિકી લાગણીઓ વ્યક્ત કરવાની સ્વતંત્રતા આપવી એ સૌથી મોટી સ્વતંત્રતા હશે.